# <u>ડૉ. આંબેડકરજીની પુણ્યતિથિ  અહેવાલ</u>

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત એક્ષટેન્શન સેલ દ્વારા ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના નિર્વાણ દિન નિમિત્તે તા.06/12/2022 મંગળવારના રોજ "આંબેડકરજી નિર્વાણ દિન" કાર્યક્રમનું આયોજન કરેલ.આ કાર્યક્રમનું સુચારુ આયોજન માન.કુલપતિશ્રી પ્રો.(ડૉ.)અમી ઉપાધ્યાયજીના અને ડૉ. આવા શુક્લા (નિયામક-SS) ના  માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પહેલાં યુનિવર્સિટીની પરંપરા મુજબ અને નિર્વાણ દિન નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને માન.પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય, કા.કુલસચિવશ્રી ડૉ. ભાવિન ત્રિવેદી અને તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને આંબેડકરજીના સપનાઓને સાકાર કરીએ તથા સાથે યુનિવર્સિટી અંતર્ગત વધુ સારા કાર્યો થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન Extension Activity Cell દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે આંબેડકરજીના સપનાઓને સાકાર કરવાના સંકલ્પ લેવામાં આવ્યો હતો.













